SCA | SAURASHTRA Cricket Association

12, Mar 2020

RANJI TROPHY 2019-20 FINAL

ફૂલછાબ
સૌરાષ્ટ્રની રફતાર

રણજી ટ્રોફી વિશેષ

શતાબ્દી ભણી આગેકૂચ ફૂલછાબ ૯૯ વર્ષ ૧૯૨૧-૨૦૨૦

૧૨ સોમવાર તા.૯-૩-૨૦૨૦



# જીતેગા સૌરાષ્ટ્ર

તસવીર : નિશુ કાચા

## ઇતિહાસ આલેખવાની સૌરાષ્ટ્રની ટીમ પાસે સોનેરી તક

## પહેલીવાર રણજી ટ્રોફીમાં ચેમ્પિયન બનવાનો ખેલાડીઓમાં ઉત્સાહ

■ કિરણ મણિયાર

સૌરાષ્ટ્રની પ્રતિભાશાળી ક્રિકેટ ટીમ પાસે ઇતિહાસ રચવાની સોનેરી તક છે. પાછલા આઠ વર્ષમાં ચોથીવાર રણજી ટ્રોફીના ફાઈનલમાં પહોંચનાર સૌરાષ્ટ્ર હવે આવતીકાલ સોમવારથી બંગાળની ટીમ સામે મેદાને પડશે. પાછલા ત્રણ ફાઈનલમાં બે વખત મુંબઈ અને ગયા વર્ષે વિદર્ભ સામે હાર સહન કરનાર સૌરાષ્ટ્રની ટીમ આ વખતે ખિતાબની પ્રબળ દાવેદાર છે. જયદેવ શાહના સુકાનીપદ હેઠળની આ ટીમે કોઇ સ્ટાર ખેલાડી વિના રણજી ટ્રોફીના ફાઈનલ સુધીની સફર કાપી છે. એ સાચું ટેસ્ટસ્ટાર ચેતેશ્વર પૂજારાની ચારેક મેચમાં સેવા મળી હતી અને એક મેચમાં તો તેણે ૨૫૦થી વધુની ઇનિંગ પણ રમી હતી. જ્યારે સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા એકપણ મેચ રમી શક્યો ન હતો. આમ છતાં, સૌરાષ્ટ્રની ટીમ યુવા અને અનુભવી ખેલાડીઓના સાથથી ફાઇનલમાં સતત બીજા વર્ષે પહોંચી છે.

સૌરાષ્ટ્રનો ક્રિકેટ ઇતિહાસ ખમતીધર છે. સૌરાષ્ટ્ર ક્રિકેટનું પીઠુ છે. તેણે દેશને અનેક નૈસર્ગિક ક્રિકેટરોની ભેટ આપી છે.જેના નામ પરથી રણજી ટ્રોફી રમાઈ રહી છે તે ખુદ જામરણજીતસિંહજી આ પ્રદેશના જ મહાન ખેલાડી હતા. ભારત વતી પ્રથમ ટેસ્ટ રમનાર રાજકોટના અમરસિંહ હોય કે પછી મહાન ઓલરાઉન્ડર કરસન ઘાવરી હોય..આવા તો અનેક વિરલા ભારતીય ક્રિકેટને સૌરાષ્ટ્રે આપ્યા છે. સૌરાષ્ટ્રની હાલની ટીમના હેડ કોચ કરસન ઘાવરી પણ તેમના સમયના શ્રેષ્ઠ ઓલરાઉન્ડર રહી ચૂક્યા છે. હાલ ભારતની ટીમમાં રનમશીન અને નવી દિવાલ ગણાતો ચેતેશ્વર પૂજારા ટેકનિકલી સૌથી પરફેક્ટ બેટ્સમેન ગણાય છે તો રવિન્દ્ર જાડેજા ત્રણેય ફોર્મેટમાં ટીમનો હુકમનો એક્કો બન્યો છે. તે ઉમદા સ્પિનર હોવાની સાથે સારો ડીપ મિડલ ઓર્ડર બેટ્સમેન પણ છે અને ચપળ ફિલ્ડર પણ છે. હવે સૌરાષ્ટ્ર ટીમનો સુકાની જયદેવ ઉનડકટ ફરી એકવાર ટીમ ઇન્ડિયાના દ્વાર ખખડાવી રહ્યો છે. તેણે વર્તમાન રણજી સિઝનમાં એવું જોરદાર પ્રદર્શન કર્યું છે કે પસંદગી સમિતિના નવા અધ્યક્ષ સુનિલજોશી તેને નજરઅંદાજ કરી શકશે નહીં. જયદેવ ઉનડકટ નવ મેચમાં કુલ ૬૫ વિકેટ લઇ ચૂક્યો છે. અને રણજી ટ્રોફીની એક સિઝનમાં સૌથી વધુ વિકેટ લેનાર ઝડપી બોલર બની ગયો છે. આ પહેલાં આ રેકોર્ડ કર્ણાટકના ઝડપી બોલર ડોડા ગણેશના નામે હતો. તેણે ૧૯૯૮-૯૯ની સિઝનમાં ૧૧ મેચમાં ૬૨ વિકેટ લીધી હતી. રણજી ટ્રોફીની એક સિઝનમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની સૂચિમાં જયદેવ મહાન સ્પિનર અને ભારતીય ટીમના પૂર્વ સુકાની બિશનસિંઘ બેદીથી પણ આગળ નીકળી ગયો છે. તેમણે ૬૪ વિકેટ લીધી હતી. આ સૂચિમાં ૬૮ વિકેટ સાથે બિહારનો ડાબોડી સ્પિનર આશુતોષ અમન પહેલા સ્થાને છે. તેનો રેકોર્ડ તોડવાથી જયદેવ ઉનડકટ હવે ૪ વિકેટ જ દૂર છે.

સૌરાષ્ટ્રની ફાઈનલ સુધીની સફરમાં સુકાની જયદેવ ઉનડકટ ઉપરાંત બે અનુભવી મિડલ ઓર્ડર બેટ્સમેન શેલ્ડન જેક્સન અને અર્પિત વસાવડાનું યોગદાન પણ મહત્વનું બની રહ્યું. શેલ્ડન જેક્સન રણજી ટ્રોફીની વર્તમાન સિઝનમાં ૧૬ ઇનિંગમાં ૫૨.૨૦ની સરેરાશથી ૭૮૩ રન કરી ચૂક્યો છે. જ્યારે અર્પિત વસાવડાએ ૧૪ ઇનિંગમાં ૫૪.૫૦ની સરેરાશથી ૬૫૪ રન બનાવ્યા છે. સેમી ફાઈનલમાં ગુજરાત સામે નિર્ણાયક તબક્કે બીજા દાવમાં તેણે ૧૩૯ રનની મેચ વિનિંગ ઇનિંગ રમી હતી. તે જ્યારે ક્રિઝ પર આવ્યો ત્યારે સૌરાષ્ટ્રના બીજા દાવમાં પાંચ વિકેટે ૧૫ રન જ સ્કોરબોર્ડ પર હતા. આ સમયે અર્પિતે યાદગાર ઇનિંગ રમીને ગુજરાતના હાથમાંથી મેચ છીનવી લીધો હતો. આ પછી સુકાની જયદેવ ઉનડકટે ફરી એકવાર આગઝરતી બોલિંગ કરીને ૫૫ રનમાં ૭ વિકેટ લીધી હતી. આથી, સૌરાષ્ટ્ર વટભેર ફાઈનલમાં પહોંચ્યું હતું. સૌરાષ્ટ્ર તરફથી જયદેવ ઉનડકટના સાથમાં સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજા ૨૯ વિકેટ લઇ ચૂક્યો છે. જ્યારે ઓલરાઉન્ડર પ્રેરક માંકડના નામે ૨૧ વિકેટ છે.

ભાવનગરના ઓલરાઉન્ડર ચિરાગ જાનીનો પણ સૌરાષ્ટ્રની સફળતામાં મહત્વનો રોલ રહ્યો છે. તેણે લિગ રાઉન્ડના આખરી મેચ અને ક્વાર્ટર ફાઈનલમાં ઉપરાઉપરી બે સદી કરીને સૌરાષ્ટ્રની સેમી ફાઈનલની રાહ તૈયાર કરી હતી. ફાઈનલમાં બંગાળ સામે સૌરાષ્ટ્ર માટે સુકાની જયદેવ ઉનડકટ, ટેસ્ટસ્ટાર ચેતેશ્વર પૂજારા, શેલ્ડન જેક્સન, અર્પિત વસાવડા અને ચિરાગ જાની હુકમના એક્કા બની રહેશે. આ ખેલાડીઓની સફળતા-નિષ્ફળતા સૌરાષ્ટ્રની હાર-જીત નક્કી કરશે.

સૌરાષ્ટ્રની ટીમ આઝાદી પહેલા નવાનગર અને વેસ્ટર્ન ઇન્ડિયા (વિસકા)ના નામે રણજી ટ્રોફીમાં રમતી હતી ત્યારે ૧૯૩૬-૩૭માં નવાનગરની ટીમ બંગાળને જ હરાવીને ચેમ્પિયન બની હતી. જ્યારે ૩૭-૩૮ની સિઝનમાં ફરી એક્વાર નવાનગરની ટીમ ફાઈનલમાં હતી. અને ત્યારે હૈદરાબાદ સામે હતી ત્યારે ઉપવિજેતાથી સંતોષ માનવો પડ્યો હતો. ૧૯૪૩-૪૪ની સિઝનમાં વેસ્ટર્ન ઇન્ડિયાની ટીમ ફાઈનલમાં બંગાળને હરાવીને ચેમ્પિયન બની હતી. સૌરાષ્ટ્રની ટીમનો ઉદય થયો એ પછી ટીમને ક્યારેય પણ રણજી ટ્રોફીને ચૂમવાની તક મળી નથી. વર્ષ ૨૦૧૦ સુધી સૌરાષ્ટ્રની ટીમ ભારતીય ક્રિકેટ ફલક પર છાપ છોડી શકી ન હતી. પરંતુ ધીમે-ધીમે સૌરાષ્ટ્રે આગેકૂચ આદરી. ૨૦૧૨માં સૌરાષ્ટ્રની ટીમ જયદેવ શાહના સુકાનીપદ હેઠળ પહેલીવાર ફાઈનલમાં પહોંચી. જો કે, ફાઈનલમાં મુંબઈ સામે દબાણમાં પહેલા દાવમાં ૧૪૮ રનમાં અને બીજા દાવમાં ૮૨ રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. આ પછી ફરીએક્વાર ૨૦૧૫માં ફાઈનલમાં પહોંચીને મુંબઈ સામે હાર સહન કરી હતી. છેલ્લે ગયા વર્ષે પણ સૌરાષ્ટ્રે ફાઈનલ સુધીની સફર કાપી હતી. ત્યારે વિદર્ભ સામે ૭૮ રને પરાજય થયો તો.

હવે સતત બીજા વર્ષે ફાઈનલમાં પહોંચનાર સૌરાષ્ટ્રની ટીમ ઘરઆંગણે ખંઢેરીના સ્ટેડિયમ પર બંગાળની ટીમનો સામનો કરશે. બંગાળની ટીમ ૨૦૦૬-૦૭ની સિઝન બાદ પહેલીવાર ફાઈનલમાં પહોંચી છે. જો કે, તેને ફાઈનલમાં રમવાનો અનુભવ સૌરાષ્ટ્રથી વધુ છે. બંગાળની ટીમ ૧૪મી વખત ફાઈનલમા પહોંચી છે અને બે વખત ચેમ્પિયન બની છે. હવે તેનો ઇરાદો આ વખતે સૌરાષ્ટ્રને હરાવીને ત્રીજી વખત રણજી ટ્રોફીનો કપ કોલક્તા લઇ જવાનો છે. બીસીસીઆઈના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ જ્યારે રણજી ટ્રોફીમાં પહેલીવાર પદાર્પણ કર્યું હતું ત્યારે બંગાળની રણજી ટ્રોફી ટીમ વિજેતા બની હતી.

સૌરાષ્ટ્રની ટીમના પૂર્વ કોચ સિતાંશુ કોટકના મતે ફાઈનલમાં બંગાળ સામે આપણી ટીમના જીતના સંજોગો ઉજળા છે. સૌરાષ્ટ્રની ટીમના પૂર્વ સુકાની મહેન્દ્ર રાજદેવનું પણ માનવું છે કે આ વખતે આપણા છોકરાઓ ઇતિહાસ રચશે તેવો અમને પૂરો વિશ્વાસ છે. સૌરાષ્ટ્રના ક્રિકેટપ્રેમીઓ પણ ટીમ પાસે રણજી ટ્રોફીની ભેટ ઇચ્છી રહ્યા છે.

Courtesy: PHULCHHAB